# એક્ચ્યુરી

એક્ચ્યુરી (વીમાના સંદર્ભમાં, સંભવિત ચૂકવણીની દ્રષ્ટીએ જોખમોની ગણતરી કરનારને એક્ચ્યુરી કહે છે) ભવિષ્યની અનિશ્ચિત ઘટનાઓની નાણાકીય અસરનું મૂલ્યાંકન કરવામાં નિષ્ણાત છે. તેઓ ડેટા સાયન્સ, ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરે છે અને તેમના કામ માટે નાણાકીય મોડલ બનાવે છે. તેઓ ઐતિહાસિક વલણો અને ભાવિ અંદાજોની ધારણાઓના આધારે ભવિષ્યના જોખમો અને અનિશ્ચિતતાઓને પ્રોજેક્ટ કરી શકે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપો
- તમે આવક અને ખર્ચનો ચોક્કસ રેકોર્ડ રાખી શકો છો
- તમને આંકડાઓ/સંખ્યાઓ સાથે કામ કરવું ગમે છે
- તમને સમસ્યાઓ હલ કરવી ગમે છે



**ફી**

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૮૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે digitalgujarat.gov.in ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, www.vidyalakshmi.co.in, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન).

૨. એક્ચ્યુરિયલ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ACET) ઉત્તીર્ણ કરો ? ઈન્સ્ટિટ્યુટ ઑફ એક્ચ્યુઅરીઝ ઑફ ઈન્ડિયાના સભ્ય બનો? તમામ મુખ્ય સિદ્ધાંતોની પરીક્ષા પાસ કરો પ્રાયોગિક પરીક્ષાઓ પાસ કરો, એસોસિએટ બનો અને કામ કરવાનું શરૂ કરો. **અથવા**

એસોસિયેટ બનો ત્યારબાદ સ્પેશ્યલિસ્ટ પ્રિંસિપલ પરીક્ષા માટે લાયક બનો, સ્પેશ્યલિસ્ટ પરીક્ષા પાસ કરો અને પછી ફેલો બનો. **અથવા**

એક્ચ્યુરિયલ સાયન્સ/ગણિત/આંકડાશાસ્ત્ર/એન્જિનિયરીંગ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની પદવી મેળવો, છઝઈની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરો, ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઍક્ચ્યુઅરીઝ ઑફ ઈન્ડિયાના સભ્ય બનો, તમામ મુખ્ય સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક પરીક્ષાઓ પાસ કરો, એસોસિયેટ બનો અને કામ કરવાનું શરૂ કરો. **અથવા**

સ્નાતકની પદવી મેળવો અને પછી સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરો, છઝઈની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરો, ઈન્સ્ટિટ્યૂટ ઑફ એક્ચ્યુઅરીઝ ઑફ ઈન્ડિયાના સભ્ય બનો, તમામ મુખ્ય સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક પરીક્ષાઓ પાસ કરો, એસોસિયેટ બનો અને કામ કરવાનું શરૂ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક્ચ્યુરીનો અંદાજિત પગાર દર મહિને **રૂ. ૨૫,૫૦૦ થી ૪,૧૮,૦૦૦*** જેટલો અથવા તેથી વધુ હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Actuary/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** વીમા અને પુનઃવીમા કંપનીઓ, બેંકિંગ ક્ષેત્ર, નાણાકીય સલાહકાર સંસ્થાઓ, એક્ચ્યુરિયલ કન્સલ્ટિંગ સંસ્થાઓ વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે એક સ્વતંત્ર રિસ્ક કન્સલ્ટન્ટ તરીકે કામ કરી શકો છો અથવા તમારી પોતાની કન્સલ્ટન્સી શરૂ કરી શકો છો

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. તમારે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૧૦ થી ૧૨ કલાક કામ કરવું પડશે.

સંસ્થા મુજબ કામકાજના કલાકોમાં ફેરફાર હોય શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

એક્ચ્યુરી → સિનિયર એક્ચ્યુરી એક્ઝિક્યુટિવ → એક્ચ્યુરી મેનેજર → સિનિયર એક્ચ્યુરી મેનેજર → હેડ એક્ચ્યુરી

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એક્ચ્યુરીયલ એનાલિસ્ટ, એક્ચ્યુરી

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ એક્ચ્યુરિયલ સાયન્સ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. બિશપ હેબર કોલેજ, તિરુચિરાપલ્લી
૨. વી. ઓ. ચિદમ્બરમ કોલેજ, થુથુક્કુડી
૩. બનારસ હિન્દુ યુનિવર્સિટી, ઉત્તરપ્રદેશ
૪. અન્નામલાઈ યુનિવર્સિટી, તમિલનાડુ
૫. મહાત્મા ગાંધી યુનિવર્સિટી, કેરળ
૬. એમ.એસ.યુ., વડોદરા
૭. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૮. યશવંતરાવ ચવ્હાણ મહારાષ્ટ્ર ઓપન યુનિવર્સિટી, નાસિક

**ખાનગી સંસ્થાઓ**
(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે)

૧. સી. યુ. શાહ કોમર્સ કૉલેજ, અમદાવાદ
૨. એમિટી યુનિવર્સિટી, નોઈડા
૩. બનાસ્થલી વિદ્યાપીઠ, જયપુર
૪. બી.એસ. અબ્દુરરહમાન યુનિવર્સિટી, ચેન્નાઈ
૫. યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૬. ડૉ.એમ.જી.આર. શૈક્ષણિક અને સંશોધન સંસ્થા, ચેન્નાઈ
૭. સિસ્ટર નિવેદિતા યુનિવર્સિટી, કોલકાતા
૮. આસામ ડાઉન ટાઉન યુનિવર્સિટી, ગુવાહાટી

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**તન્વી દોશી** ભારતની સૌથી યુવા એક્ચ્યુરી પૈકીની એક છે. તેણીએ, ૨૩ વર્ષની ઉંમરે તેના પ્રથમ પ્રયાસમાં જ તમામ પરીક્ષાઓ પાસ કરી હતી. તે હાલમાં એચ.ડી.એફ.સી. લાઈફમાં સિનિયર એસોસિયેટ તરીકે કામ કરી રહી છે. તેણીએ આર.એ.પોદ્દાર કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સમાંથી વાણિજ્ય વિષય સાથે સ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી*

સ્રોત:
https://theactuarialclub.com/2020/08/23/interviewing-tanvi-doshi-actuary-at-just-age-of-23/4

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.